22

ડો.રોત

ભિક્ષુક સ્વિકાર કેન્દ્ર/ભિક્ષુક આશ્રય કેન્દ્રોના અંતેવાસીઓને આપવામાં આવતા ઉપદાન (ગ્રેજ્યુટી) ના દરમાં વધારો કરવા

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ વનપ/૧૦૨૦૧૮/૧૧૮૭૧/ન.બા./છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૦૬/૦૪/૨૦૧૮.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૧/૦૧/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃયજન/નવીબાબત /૨૦૧૭-૧૮/૧૨/૧૯૯.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરનો તા.૦૮/૦૩/૨૦૧૮નો પત્ર ક્રમાંકઃસસુખા/યજન/નવી બાબત/૨૦૧૭-૧૮/૨૭૩.

પ્રસ્તાવના

સને-૧૯૫૯ ના ગુજરાતનો ભીખ માગવાનો પ્રતિબંધ કરવા બાબતના અધિનિયમથી મળેલા અધિકારો અન્વયે ગુજરાત સરકારે બહાર પાડેલા "૧૯૬૪ના ગુજરાતના ભીખ માંગવાનો પ્રતિબંધ કરવા બાબતના નિયમો" હાલમાં રાજયમાં અમલમાં છે. આ નિયમોના નિયમ ૨૯ (૪) ની જોગવાઇ મુજબ ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો, ભિક્ષુક આશ્રય ગૃહોના અંતેવાસીઓને વિભાગના ઠરાવ ક્રમાંક-ચચક/૧૦૮૭/નં-૪૪/ છ તા.૧૦/૧૦/૧૯૮૮થી અંતેવાસીઓને માસિક રૂ. ૩૦/ અને મુકાદમોને માસિક રૂ ૫૦/ના દરે ઉપદાન (ગ્રેજ્યુટી) ચૂકવવામાં આવે છે. હાલની મોંઘવારીને ધ્યાને લેતાં આ દર અસાધારણ નીચા છે. તેમજ ઉપદાન (ગ્રેજ્યુટી)ના દરમાં ઘણા સમયથી સુધારો થયેલ નથી.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરના વંચાણે લીધેલ ક્રમાંક(૧)થી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો/ ભિક્ષુક આશ્રય કેન્દ્રોના અંતેવાસીઓને આપવામાં આવતા ઉપદાન (ગ્રેજ્યુટી)ના દરમાં સુધારો કરવા અંગે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં રૂ.૯.૪૨/-લાખ( અંકે રૂપિયા નવ લાખ બેતાળીસ હજાર પુરા)ની જોગવાઇ કરવા નવી બાબત રજૂ કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવઃ-</u>

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ગાંધીનગરના વંચાણે લીધેલ ક્ર:(૨) થી કરવામાં આવેલ દરખાસ્ત અન્વયે સમાજ સુરક્ષા ખાતા હસ્તકના ભિક્ષુક સ્વીકાર કેન્દ્રો,

ભિક્ષુક આશ્રય કેન્દ્રોના અંતેવાસીઓને ચૂકવવામાં આવતા ઉપદાન(ગ્રેજ્યુટી) માસિક રૂ.૩૦/-માં રૂ. ૧૭૦/-નો વધારો કરી માસિક રૂ ૨૦૦/-(બસો પૂરા) તથા મુકાદમોને માસિક રૂ. ૫૦/-માં રૂ. ૨૫૦/-નો વધારો કરી માસિક રૂ. ૩૦૦(ત્રણસો પૂરા)ની રકમ ચૂકવવા માટે કુલ ૯.૪૨/- લાખ (અંકે રૂપિયા નવ લાખ બેતાળીસ હજાર પુરા)ની પ્રસ્તુત નવી બાબતને નીચેની શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને અધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, નોન પ્લાન મુ.સ.-૨૨૩૫-૦૨-૮૦૦-૦૧-scw-23 બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૧/૦૩/૨૦૧૮ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( જી. બી. વણઝારા )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ